## Statement of Delay

## Reasons of delay in laid down on the maize of Legislative Assembly of Notifications/Rules under Consumer Protection Act, 2019.

## Notification Date : 21/8/2021

Consumer Protection Act, 2019 is implemented from 20/07/2020 in the Nation. Various Notifications and Rules are to be framed under this Act which are to be laid down on the maize of Legislative Assembly in Gujarati and English. 10th Session of Fourteen Legislative Assembly was held between Dt. 02/03/2022 to 01/04/2022 and 11th Session of Fourteen Legislative Assembly and 1st Session of Fifteen Legislative Assembly was held for a short duration.

Government Printing Press, Gandhinagar had published Gujarati translation of above Notification in Govenment Gazzette on dated 21/10/2021. But due to administrative reasons, it has been delayed to be placed on the maize of the House during the said sessions of the Legislative Assembly. It is requested to kindly consider the same.

( N.S.Vasava )
Deputy Secretary
Food, Civil Supplies and Consumer Affairs Department
Government of Gujarat

# વિલંબનું નિવેદન

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.

## જાહેરનામુ - તા.૨૧/૮/૨૦૨૧

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૨૦ થી દેશમાં અમલી બનેલ છે. ઉક્ત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે વિધાનસભા ગૃહના મેજ પર ગુજરાતી અને અંગ્રેજીમાં જાહેરનામા મુકવાના રહે છે. ચૌદમી ગુજરાત વિધાનસભાનુ દસમું સત્ર તા.૦૨/૦3/૨૦૨૨ થી તા.૦૧/૦૪/૨૦૨૨ સુધી મળેલ હતું, ચૌદમી ગુજરાત વિધાનસભાનુ અગિયારમું સત્ર અને પંદરમી વિધાનસભાનું પ્રથમ સત્ર ટૂંકા સમયગાળા માટે મળેલ હતું.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા આ જાહેરનામાનો ગુજરાતી અનુવાદ તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. પરંતુ વહીવટી કારણોસર વિધાનસભાના ઉક્ત સત્રો દરમિયાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(એન.એસ.વસાવા)
નાયબ સચિવ
અન્ન નાગરિક પુરવઠા ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

**Extra No. 101**

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXII ]  SATURDAY, AUGUST 21, 2021 / SRAVANA 30, 1943**

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

### Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 21st August, 2021

**CONSUMER PROTECTION ACT, 2019**

**No.GTH/2021/16/CPA/102020/455869/D:**— In exercise of the powers conferred by sub-section (2) of section 102 of the Consumer Protection Act, 2019 (35 of 2019) and in supersession of all the rules made in this behalf under the Consumer Protection Act, 1986 (68 of 1986), the Government of Gujarat hereby makes the following rules, namely -

**1. Short title and commencement. —**

1) These rules may be called the Gujarat Consumer Protection (salary, allowances and conditions of service of President and Members of the State Commission and District Commission) Rules, 2021.

2) They shall come into force on the date of their publication in the *Official Gazette.*

**2. Definitions. —**

1) In these rules, unless the context otherwise requires, —

**(a)** 'Act' means the Consumer Protection Act, 2019 (35 of 2019);

**(b)** 'Commission' means the District Commission or the State Commission, as the case may be;

**(c)** 'Member' means a Member of the District Commission or the State Commission, as the case may be;

**(d)** 'President' means the President of the State Commission or the District Commission, as the case may be;

2) The words and expressions used in these rules but not defined and defined in the Act shall have the same meaning respectively assigned to them in the Act.

**3. Salaries and allowances of the President and Member of the District Commission. -**

(l) The President shall be entitled to the salary and allowances as are admissible to a District Judge in the super time scale of pay.

(2) A Member shall receive a pay equal to the pay at the minimum of the scale of pay of a Deputy Secretary of the State Government and other allowances as admissible to such officer.

(3) The pay of a person appointed as President or member, who is in receipt of any pension, shall be reduced by the gross amount of pension drawn by him.

(4) There shall be an annual upward revision of the pay of the President and members at the rate of 3%.

(5) The Salary, remuneration and other allowances shall be defrayed out of the Consolidated Fund of the State Government.

**4. Salaries and allowances of the President and Member of the State Commission. -**

(1) The President shall be entitled to the salary and allowances as are admissible to a sitting judge of the High Court of Gujarat.

(2) A Member shall receive a pay equal to the pay at the minimum of the scale of pay of an Additional Secretary of the State Government and other allowances as are admissible to such officer.

(3) The pay of a person appointed as President or member, who is in receipt of any pension, shall be reduced by the gross amount of pension drawn by him.

(4) There shall be an annual upward revision of the pay of the member at the rate of 3%.

(5) The salary, remuneration and other allowances shall be defrayed out of the Consolidated Fund of the State Government.

**5. Other terms and conditions of service of the President and Member of the State Commission and District Commission. -**

**(1)** **Medical fitness.** — No person shall be appointed as President or Member unless he is declared medically fit by an authority specified by the State Government in this behalf.

**(2)** **Casual vacancy.** — In case of a casual vacancy in the office of President in the State Commission or District Commission, as the case may be, the **State Government** shall have the power to appoint the senior most Member to officiate as President

**(3)** **Leave and medical treatment and hospital facilities.** — The President and members of the State Commission and the District Commission shall be entitled to leave, Leave Travel Concession, medical treatment and hospital facilities as per the provisions applicable to admissible to the equivalent Class of the State Government.

**(4)** **Declaration of Financial and other Interests.** —The President or member shall, before entering upon his office, declare his assets, and his liabilities and financial and other interests.

**(5) Other conditions of service. —**

(a) The terms and conditions of service of the President or member with respect to which no express provision has been made in these rules, shall be such as are admissible to the equivalent Class of the State Government.

(b) The President or member shall not practice before the National Commission, the State Commission or the District Commission after retirement from the service of the State Commission or District Commission, as the case may be.

(c) The President or member shall not undertake any arbitration work while functioning in his capacity in the State Commission or District Commission, as the case may be.

(d) The President or member of the State Commission or District Commission, as the case may be, shall not, for a period of two years from the date on which they cease to hold office, accept any employment in, or connected with the management or administration of, any person who has been a party to a proceeding before the State Commission or District Commission:

Provided that nothing contained in this rule shall apply to any employment under the Central Government or a State Government or a local authority or in any statutory authority or any corporation established by or under any Central, State or Provincial Act or a Government company as defined in clause (45) of section 2 of the Companies Act, 2013 (18 of 2013).

**(6)** The terms and conditions of the service of the President and the members of the District Commission and the State Commission shall not be varied to their disadvantage during their tenure of office.

**(7)** The working days and the office hours of the District Commission and the State Commission shall be the same as that of the State Government.

**6. Oaths of office and secrecy.** — Every person appointed to be the President or member shall, before entering upon his office, make and subscribe an oath of office in Form I and oath of secrecy in Form II annexed to these rules.

**FORM - 1**

*(See Rule 6)*

Form of Oath of Office for the President and Member of the State Commission and District Commission

I, A. B., having been appointed as the President/ Member in the State Consumer Disputes Redressal Commission, ........................./ District Consumer Disputes Redressal Commission, ........................ do solemnly affirm/do swear in the name of God that I will faithfully and conscientiously discharge my duties as the President/Member of the State Commission/ District Commission to the best of my ability, knowledge and judgment, without fear or favour, affection or ill-will and that I will uphold the Constitution and the laws of land.

**FORM - 2**

*(See Rule 6)*

Form of Oath of Secrecy for the President and Member of the State Commission and District Commission

I, A. B., having been appointed as the President/Member of the State Consumer Disputes Redressal Commission, ....................... / District Consumer Disputes Redressal Commission, ..........................do solemnly affirm/do swear in the name of God that I will not directly or indirectly communicate or reveal to any person or persons any matter which shall be brought under my consideration or shall become known to me as President/Member of the State Commission/ District Commission except as may be required for the due discharge of my duties as the President/Member.

By order and in the name of Governor of Gujarat,

**PANKAJ PANCHAL,**
Deputy Secretary to Government.

----------

Government Central Press, Gandhinagar.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXII] THURSDAY, OCTOBER 21, 2021 / ASVINA 29, 1943 [ No. 42**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓક્ટોબર, ૨૦૨૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ**ના **તારીખ: ૧૧મી ઓગસ્ટ**, **૨૦૨૧**ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીજી/૭૯/૨૦૨૧/એસબી૧/ઓએસએ/૧૦૨૦૧૬/૧૪૩૬(૪)**.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ**,
સરકારના નાયબ સચિવ.

૨૩. મુળખંડ નં. ૧૨૧ ની જમીનના બિનખેતી હુકમ, વિકાસ પરવાનગી તથા મંજુર લે-આઉટની વિગતો ધ્યાને લઇ તે જ ગામની જમીનમાં અંતિમખંડ ફાળવવા યથોચિત નિર્ણય લેવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પ્રકાશ દત્તા,**
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓક્ટોબર, ૨૦૨૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**ના **તારીખઃ ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૧**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૧૬/સીપીએ/૧૦૨૦૨૦/૪૫૫૮૬૯/ડી.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ**,
સરકારના નાયબ સચિવ

**NOTIFICATION**

***under***

**The Consumer Protection Act, 2019.**

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૧

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૧૬/સીપીએ/૧૦૨૦૨૦/૪૫૫૮૬૯/ડી**:-ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા)ની કલમ ૧૦૨ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬ના ૬૮મા) હેઠળ આ અર્થે કરવામાં આવેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-**

(૧) આ નિયમો ગુજરાત ગ્રાહક સુરક્ષા (રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યોના પગાર, ભથ્થાં અને સેવાની શરતો) નિયમો, ૨૦૨૧ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.-**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) **'અધિનિયમ'** એટલે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ૩૫-મો);

(ખ) **'આયોગ'** એટલે જિલ્લા આયોગ અથવા યથાપ્રસંગ, રાજ્ય આયોગ;

(ગ) **'સભ્ય'** એટલે જિલ્લા આયોગ અથવા યથાપ્રસંગ, રાજ્ય આયોગનો સભ્ય;

(ઘ) **'પ્રમુખ'** એટલે રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગના પ્રમુખ.

૨) આ નિયમોમાં વપરાયેલા, પરંતુ વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા અને અધિનિયમમાં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

**૩. જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યના પગાર અને ભથ્થાં બાબત.-**

(૧) પ્રમુખ, જિલ્લા જજને પગારના અધિકાલિક પગાર ધોરણ (સુપર ટાઈમ સ્કેલ)માં મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં (મેળવવા)ને હકદાર રહેશે.

(૨) સભ્ય, રાજ્ય સરકારના નાયબ સચિવના લઘુત્તમ પગાર ધોરણ જેટલો પગાર અને આવા અધિકારીને મળવાપાત્ર બીજા ભથ્થાં મેળવશે.

(૩) કોઈ નિવૃત્તિવેતન (પેન્શન) મેળવતી હોય તેવી પ્રમુખ અથવા સભ્ય તરીકે નિયુક્ત કરેલી વ્યક્તિના પગારમાંથી, તેને મળતા નિવૃત્તિવેતનની કુલ રકમ કપાત કરવી જોઈશે.

(૪) પ્રમુખ અને સભ્યોના વેતનમાં વાર્ષિક ૩% ના દરે, ઉત્તરોતર સુધારણા કરવી જોઈશે.

(૫) પગાર, મહેનતાણું અને બીજા ભથ્થાં, રાજ્ય સરકારના એકત્રિત ફંડમાંથી ચૂકવવા જોઈશે.

**૪. રાજ્ય આયોગના પ્રમુખ અને સભ્યના પગાર અને ભથ્થાં બાબત.-**

(૧) પ્રમુખ, ગુજરાત હાઈકોર્ટના સેવારત (વર્તમાન) જજ (sitting judge)ને મળવાપાત્ર હોય તેટલો પગાર અને ભથ્થાં (મેળવવા)ને હકદાર રહેશે.

(૨) સભ્ય, રાજ્ય સરકારના અધિક સચિવના લઘુત્તમ પગાર ધોરણ જેટલો પગાર અને આવા અધિકારીને મળવાપાત્ર બીજા ભથ્થાં મેળવશે.

(૩) કોઈ નિવૃત્તિવેતન મેળવતી હોય તેવી પ્રમુખ અથવા સભ્ય તરીકે નિયુક્ત કરેલી વ્યક્તિના પગારમાંથી, તેને મળતા નિવૃત્તિવેતનની કુલ રકમ કપાત કરવી જોઈશે.

(૪) સભ્યના વેતનમાં વાર્ષિક ૩% ના દરે, ઉત્તરોત્તર સુધારણા કરવી જોઈશે.

(૫) પગાર, મહેનતાણું અને બીજા ભથ્થાં, રાજ્ય સરકારના એકત્રિત ફંડમાંથી ચૂકવવા જોઈશે.

**૫. રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યની સેવાની અન્ય બોલીઓ અને શરતો.-**

(૧) **તબીબી યોગ્યતા.-** રાજ્ય સરકારે, આ અર્થે નિર્દિષ્ટ કરેલા સત્તાધિકારી દ્વારા તબીબી રીતે યોગ્ય (હોવાનું) જાહેર કરવામાં આવે તે સિવાય, કોઈ વ્યક્તિની પ્રમુખ અથવા સભ્ય તરીકે નિમણૂક કરવી જોઈશે નહિ.

(૨) **પ્રસંગોપાત ખાલી પડેલી જગા.-** રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગમાં, પ્રમુખના હોદ્દાની, પ્રસંગોપાત ખાલી પડેલી જગાના કિસ્સામાં, **રાજ્ય સરકારને,** સૌથી સિનિયર સભ્યની પ્રમુખ તરીકે કામ કરવા માટે નિમણૂક કરવાની સત્તા રહેશે.

(૩) **રજા અને તબીબી સારવાર અને હોસ્પિટલની સુવિધાઓ.-** રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્યો, રાજ્ય સરકારના તેમને સમકક્ષ વર્ગને, લાગુ પડતી જોગવાઈઓ પ્રમાણે મળવાપાત્ર રજા, રજા પ્રવાસ રાહત, તબીબી સારવાર અને હોસ્પિટલની સુવિધાઓ (મેળવવા)ને હકદાર રહેશે.

(૪) **નાણાકીય અને બીજા હિતસંબંધોની જાહેરાત.-** પ્રમુખ અથવા સભ્યએ, (પોતાનો) હોદ્દો સ્વીકારતા પહેલાં, પોતાની અસ્ક્યામતો અને પોતાની જવાબદારીઓ અને નાણાકીય અને અન્ય હિતસંબંધોની જાહેરાત કરવી જોઈશે.

(૫) **સેવાની અન્ય શરતો.-**

(ક) આ નિયમોમાં જેના સંબંધમાં સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી, પ્રમુખ અથવા સભ્યની સેવાની બોલીઓ અને શરતો, રાજ્ય સરકારના તેમને સમકક્ષ વર્ગને લાગુ પડતી હોય તેવી જ રહેશે.

(ખ) પ્રમુખ અથવા સભ્ય, રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગની સેવામાંથી નિવૃત્ત થયા પછી, રાષ્ટ્રીય આયોગ, રાજ્ય આયોગ અથવા જિલ્લા આયોગ સમક્ષ વકીલાત કરી શકશે નહિ.

(ગ) પ્રમુખ અથવા સભ્યએ, રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગમાં પોતાની હેસિયતથી કામ કરતી વખતે કોઇ લવાદી કાર્ય કરવું જોઇશે નહિ.

(ઘ) રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગના પ્રમુખ અથવા સભ્યએ, જે તારીખથી તેઓ હોદ્દો ધરાવવાનું બંધ કરે તે તારીખથી બે વર્ષની મુદત સુધી, રાજ્ય આયોગ અથવા જિલ્લા આયોગ સમક્ષની કાર્યવાહીમાં પક્ષકાર હોય તેવી કોઇ વ્યક્તિના સંચાલન અથવા વહીવટ હેઠળ હોય અથવા તેની સાથે સંબંધિત હોય તેવો કોઇ રોજગાર સ્વીકારવો જોઇશે નહિ:

પરંતુ આ નિયમમાંનો કોઈપણ મજકૂર, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા કોઇ વૈધાનિક સત્તામંડળ અથવા કોઇ કેન્દ્રીય, રાજ્ય અથવા પ્રાદેશિક અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલા કોઇ કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ૧૮મા)ની કલમ ૨-ના ખંડ (૪૫)માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની સરકારી કંપની હેઠળના કોઇ રોજગારને લાગુ પડશે નહિ.

(૬) જિલ્લા આયોગ અને રાજ્ય આયોગના પ્રમુખ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતોમાં, તેમની હોદ્દાની મુદત દરમિયાન, તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરવો જોઇશે નહિ.

(૭) જિલ્લા આયોગ અને રાજ્ય આયોગના કામના દિવસો અને કામકાજના કલાકો, રાજ્ય સરકારના કામના દિવસો અને કામકાજના કલાકો જેટલાં જ રહેશે.

૬. હોદ્દા અને ગોપનીયતાના શપથ.- પ્રમુખ અથવા સભ્ય તરીકે નિમણૂક પામેલ દરેક વ્યક્તિએ, પોતાનો હોદ્દો ધરાવતા પહેલાં, આ નિયમો સાથે જોડેલ નમૂના ૧-માં હોદ્દાના શપથ લેવા જોઇશે અને નમૂના ૨-માં ગોપનીયતાના શપથ લેવા જોઇશે તથા તેમાં સહી કરવી જોઇશે.

**નમૂનો - ૧**

(જુઓ *નિયમ* ૬)

રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્ય માટે હોદ્દાના શપથનો નમૂનો

હું, ક., ખ., રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગ...................../જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ .......................................ના પ્રમુખ/સભ્ય તરીકે નિમણૂક થવાથી, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લઉ છું / ઇશ્વરના નામ પર શપથ લઉ છું કે હું, મારી શ્રેષ્ઠ ક્ષમતા, જ્ઞાન અને વિવેકબુદ્ધિથી રાજ્ય આયોગ/ જિલ્લા આયોગના પ્રમુખ/સભ્ય તરીકે મારી ફરજોનું ભય અથવા પક્ષપાત, રાગ અથવા દ્વેષ વિના નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી પાલન કરીશ અને હું સંવિધાન અને દેશના કાયદાનું સમર્થન કરીશ.

**નમૂનો - ૨**

(જુઓ *નિયમ* ૬)

રાજ્ય આયોગ અને જિલ્લા આયોગના પ્રમુખ અને સભ્ય માટેના ગોપનીયતાના શપથનો નમૂનો

હું, ક., ખ., રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગ, ....................../જિલ્લા તકરાર નિવારણ આયોગ,........................ના પ્રમુખ/સભ્ય તરીકે નિમણૂક થવાથી, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લઉ છું / ઇશ્વરના નામ પર શપથ લઉ છું કે હું, પ્રમુખ/સભ્ય તરીકેની મારી ફરજોના યોગ્ય પાલન માટે જરૂરી હોય તે સિવાય, રાજ્ય આયોગ/ જિલ્લા આયોગના પ્રમુખ/સભ્ય તરીકે મારી વિચારણા હેઠળ રજૂ કરવામાં આવતી અથવા મારી જાણમાં આવતી કોઇપણ બાબત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, કોઇપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓને જણાવીશ નહિ અથવા જાહેર કરીશ નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પંકજ પંચાલ,**
સરકારના નાયબ સચિવ.

----------

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૨૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**ના **તારીખઃ ૯મી સપ્ટેમ્બર**, **૨૦૨૧**ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૧નો ૯૭/ટીપીએસ-૧૪૨૦૨૦-૪૦૭૮-એલ.**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ**,
સરકારના નાયબ સચિવ

# Statement of Delay

## Reasons of delay in laid down on the maize of Legislative Assembly of Notifications/Rules under Consumer Protection Act, 2019.

**Notification Date :19/02/2022**
**Notification Date :19/02/2022**
**Notification Date :14/03/2022**

Consumer Protection Act, 2019 is implemented from 20/07/2020 in the Nation. Various Notifications and Rules are to be framed under this Act which are to be laid down on the maize of Legislative Assembly in Gujarati and English. 11th Session of Fourteen Legislative Assembly and 1st Session of Fifteen Legislative Assembly was held for a short duration.

Government Printing Press, Gandhinagar had published Gujarati translation of above Notification in Govenment Gazzette on dated 25/05/2022. But due to administrative reasons, it has been delayed to be placed on the maize of the House during the said sessions of the Legislative Assembly. It is requested to kindly consider the same.

( N.S.Vasava )
Deputy Secretary
Food, Civil Supplies and Consumer Affairs Department
Government of Gujarat

# વિલંબનું નિવેદન

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.

**જાહેરનામુ - તા.૧૯/૦૨/૨૦૨૨**

**જાહેરનામુ - તા.૧૯/૦૨/૨૦૨૨**

**જાહેરનામુ - તા.૧૪/૦૩/૨૦૨૨**

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૨૦ થી દેશમાં અમલી બનેલ છે. ઉક્ત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે વિધાનસભા ગૃહના મેજ પર ગુજરાતી અને અંગ્રેજીમાં જાહેરનામા મુકવાના રહે છે. ચૌદમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર અને પંદરમી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર ટૂંકા સમયગાળા માટે મળેલ હતું.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા આ જાહેરનામાના ગુજરાતી અનુવાદ તા.૨૫/૦૫/૨૦૨૨ ના રોજ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો.પરંતુ વહીવટી કારણોસર વિધાનસભાના ઉક્ત સત્રો દરમિયાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(એન.એસ.વસાવા)
નાયબ સચિવ
અન્ન નાગરિક પુરવઠા ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

Extra No. 36

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIII ] MONDAY, MARCH 14, 2022 / PHALGUNA 23, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 19th February, 2022

**CONSUMER PROTECTION ACT, 2019.**

**No.GTH/2022/04/CPA/102021/211020/D:** In exercise of the powers conferred by section 28 of the Consumer Protection Act, 2019 (35 of 2019), the Government of Gujarat in consultation with Government of India, hereby establishes a District Consumer Disputes Redressal Commission, to be known as the District Commission, in district of the State with effect from the 20th July, 2020 consisting each of, a President and 2(two) members,

By order and in the name of the Governor of Gujarat,

**PANKAJ PANCHAL,**
Deputy Secretary to Government.

---------------



Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.04.16 11:35:33 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Extra No. 35

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXIII ] MONDAY, MARCH 14, 2022 / PHALGUNA 23, 1943

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 19th February, 2022

**CONSUMER PROTECTION ACT, 2019.**

**No. GTH/2022/03/CPA/102021/211020/D:** In exercise of the powers conferred by sub-sections (1) and (3) of section 42 of the Consumer Protection Act, 2019 (35 of 2019) the Government of Gujarat in consultation with Government of India, hereby establishes a State Consumer Disputes Redressal Commission, to be known as the State Commission, in the State, with effect from the 20th July, 2020 consisting of, the following members, namely:-

| Sr.No. | Designation of Members | Strength |
|---|---|---|
| 1 | President | 01 |
| 2 | Judicial Member | 03 |
| 3 | Non Judicial Member | 05 |

By order and in the name of the Governor of Gujarat,

**PANKAJ PANCHAL,**
Deputy Secretary to Government.

---------------



Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.04.16 11:34:46 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Government Central Press, Gandhinagar.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXIII ] THURSDAY, MARCH 24, 2022 / CHAITRA 3, 1944 [ No. 12**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

### Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 14th March, 2022

**THE CONSUMER PROTECTION ACT, 2019.**

**No.GTH/2022/07/CPA/102021/172670/D:** In exercise of the powers conferred by sub-section (1) of section 74 of the Consumer Protection Act, 2019, (35 of 2019), the Government of Gujarat hereby establishes a consumer mediation cell which shall be attached to each of the District Commissions and the State Commission of the State with effect from the 20th July, 2020.

By order and in the name of the Governor of Gujarat,

**PANKAJ PANCHAL,**
Deputy Secretary to Government.

-----------

**HEALTH AND FAMILY WELFARE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 8th March, 2022

**THE CONSTITUTION OF INDIA.**

**No.GY/7/DLB-1001/2764/JH:-** In exercise of powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Joint Commissioner (Testing), Class I, in the Gujarat Drugs Service under the Commissionerate of Food and Drugs Control Administration, Recruitment Rules, 2017, Gujarat State namely :-

1. These rules may be called the Joint Commissioner (Testing), Class I, in the Gujarat Drugs Services under the Commissionerate of Food and Drugs Control Administration, Recruitment (Amendment) Rules, 2022.
2. In the Joint Commissioner (Testing), Class I, in the Gujarat Drugs Services under the Commissionerate of Food and Drugs Control Administration, Recruitment Rules, 2017 (hereinafter referred to as "the said rules"), in rule 2, for clause (a), the following clause shall be substituted namely:-

Extra No. 113

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXIII ] WEDNESDAY, MAY 25, 2022 / JYAISTHA 8, 1944**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી મે, ૨૦૨૨

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) જીટીએચ/૨૦૨૨/૦૩/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી, તારીખ : ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૨, (૨) જીટીએચ/૨૦૨૨/૦૪/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી, ૧૯ મી ફેબ્રુઆરી, ૨૦૨૨ અને (૩) જીટીએચ/૨૦૨૨/૦૭/સીપીએ/૧૦૨૦૨૧/૧૭૨૬૭૦/ડી, ૧૪મી માર્ચ, ૨૦૨૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**The Consumer Protection Act, 2019**

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૨

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંક: જીટીએચ/૨૦૨૨/૦૩/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી** :- ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા) ની કલમ ૪૨-ની પેટા-કલમો (૧) અને (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ભારત સરકાર સાથે પરામર્શ કરીને, આથી, તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૨૦થી અમલમાં આવે તેમ, રાજ્યમાં, રાજ્ય આયોગ તરીકે જાણીતા નીચેના સભ્યોના બનેલા રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ આયોગની સ્થાપના કરે છે:-

| **અનુક્રમાંક** | **સભ્યોના હોદ્દા** | **સંખ્યાબળ** |
|---|---|---|
| ૧ | પ્રમુખ | ૦૧ |
| ૨ | ન્યાયિક સભ્ય | ૦૩ |
| ૩ | બિન-ન્યાયિક સભ્ય | ૦૫ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પંકજ પંચાલ**,
સરકારના નાયબ સચિવ.

----------

**NOTIFICATION**

***Under***

**The Consumer Protection Act, 2019.**

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૨.

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંક: જીટીએચ/૨૦૨૨/૦૪/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી**:- ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા) ની કલમ ૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ભારત સરકાર સાથે પરામર્શ કરીને, આથી, તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૨૦થી અમલમાં આવે તેમ, રાજ્યના જિલ્લામાં, જિલ્લા આયોગ તરીકે જાણીતા દરેક પ્રમુખ અને ૨(બે) સભ્યોના બનેલા ગ્રાહક તકરાર નિવારણ આયોગની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પંકજ પંચાલ**,
સરકારના નાયબ સચિવ.

----------

**NOTIFICATION**

***Under***

**The Consumer Protection Act, 2019**

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી માર્ચ, ૨૦૨૨

**ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯.**

**ક્રમાંક: જીટીએચ/૨૦૨૨/૦૭/સીપીએ/૧૦૨૦૨૧/૧૭૨૬૭૦/ડી**:- ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા) ની કલમ ૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૦મી જુલાઇ, ૨૦૨૦થી અમલમાં આવે તેમ, દરેક જિલ્લા આયોગ અને રાજ્ય આયોગ સાથે સંલગ્ન રહેશે તેવા ગ્રાહક મધ્યસ્થી એકમની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પંકજ પંચાલ**,

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.06.07 13:45:11 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

# Statement of Delay

## Reasons of delay in laid down on the maize of Legislative Assembly of Notifications/Rules under Consumer Protection Act, 2019.

## Notification Date : 21/3/2022

Consumer Protection Act, 2019 is implemented from 20/07/2020 in the Nation. Various Notifications and Rules are to be framed under this Act which are to be laid down on the maize of Legislative Assembly in Gujarati and English. 10th Session of Fourteen Legislative Assembly was held between Dt. 02/03/2022 to 01/04/2022 and 11th Session of Fourteen Legislative Assembly and 1st Session of Fifteen Legislative Assembly was held for a short duration.

Government Printing Press, Gandhinagar had published Gujarati translation of above Notification in Govenment Gazzette on dated 01/02/2023. For this reason it has been delayed to be placed on the maize of the House during the said sessions of the Legislative Assembly. It is requested to kindly consider the same.

( N.S.Vasava )
Deputy Secretary
Food, Civil Supplies and Consumer Affairs Department
Government of Gujarat

# વિલંબનું નિવેદન

## ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભા ગૃહના મેજ પર મુકવા માટે થયેલ વિલંબના કારણો.

## જાહેરનામુ - તા.૨૧/૩/૨૦૨૨

ગ્રાહક સુરક્ષા અધિનિયમ,૨૦૧૯ તા.૨૦/૦૭/૨૦૨૦ થી દેશમાં અમલી બનેલ છે. ઉકત કાયદા હેઠળ જુદા-જુદા જાહેરનામા અને નિયમો બનાવવાના થાય છે. જે વિધાનસભા ગૃહના મેજ પર ગુજરાતી અને અંગ્રેજીમાં જાહેરનામા મુકવાના રહે છે. ચૌદમી ગુજરાત વિધાનસભાનુ દસમું સત્ર તા.૦૨/૦૩/૨૦૨૨ થી તા.૦૧/૦૪/૨૦૨૨ સુધી મળેલ હતું, ચૌદમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર અને પંદરમી વિધાનસભાનું પ્રથમ સત્ર ટૂંકા સમયગાળા માટે મળેલ હતું.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા આ જાહેરનામાનો ગુજરાતી અનુવાદ તા.૦૧/૦૨/૨૦૨૩ ના રોજ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ કારણસર વિધાનસભાના ઉક્ત સત્રો દરમિયાન ગૃહના મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(એન.એસ.વસાવા)
નાયબ સચિવ
અન્ન નાગરિક પુરવઠા ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

**Extra No. 37**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXIII ] THURSDAY, MARCH 24, 2022 / CHAITRA 3, 1944**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**FOOD, CIVIL SUPPLIES AND CONSUMER AFFAIRS DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 21st March, 2022

**CONSUMER PROTECTION ACT, 2019.**

**No. - GTH/2022/08/CPA/102021/146148/D:** - In exercise -of the powers conferred by sub-section (1) and clauses (p) and (q) of sub-section (2) of section 102 of the Consumer Protection Act, 2019 (35 of 2019), Government of Gujarat, hereby makes the following rules, namely :-

**1. Short title and commencement. —**

(1) These rules may be called the Gujarat Consumer Protection (Mediation) Rules, 2022.

(2) They shall come into force on the date of their publication in the *Official Gazette.*

**2. Definitions. —**

(1) In these rules, unless the context otherwise requires, —

(a) "Act" means the Consumer Protection Act, 2019 (35 of 2019);

(b) "Commission" means the District Commission or the State Commission, as the case may be;

(c) "Mediation Cell" means a consumer mediation cell established under subsection (1) of section 74 of the Act;

(d) 'President' means the President of the State Commission or the District Commission, as the case may be;

(e) 'settlement' means a settlement arrived at in the course of a mediation proceeding in respect of all or some of the issues involved in a consumer dispute pending before a Consumer Commission.

(2) The words and expressions used in these rules but not defined and defined in the Act shall have the same meaning assigned to them in the Act.

**3. Mediation Cell. -**

(1) Every Mediation Cell set up in a Commission, shall have a panel of mediators on the recommendation of a selection committee consisting of the President and a member of that Commission.

(2) The Mediation Cell shall have such support staff as may be decided by the President of that Commission in consultation with the State Government and the State Government shall provide all administrative assistance and infrastructure facilities required by the Commission.

**4. Eligibility for empanelmcnt as mediator.** —The following persons shall be eligible to be empanelled with a Mediation Cell—

(1) retired District and Session Judges, retired Additional District and Session Judges or other retired Members of the Higher Judicial Services of the State ;

(2) retired Members of a Consumer Commission;

(3) retired judicial officers, having experience of not less than ten years or an advocate with a minimum experience of ten years at Bar;

(4) the mediators empanelled with the Mediation Cell of High Court or a District Court;

(5) a person having experience of at least five years in mediation or conciliation;

(6) experts or other professionals or retired officer of State Government with at least fifteen years' experience as a Class - 1 officer.

**5. Disqualifications for empanelmcnt. —**

1) The following persons shall be disqualified for being empanelled as a Mediator, namely :-

(a) a person who has been adjudged as insolvent;

(b) person against whom criminal charges involving moral turpitude are framed by a criminal court and are pending;

(c) a person who has been convicted by a criminal court for any offence involving moral turpitude;

(d) a person against whom disciplinary proceedings have been initiated by the appropriate disciplinary authority and are pending or have resulted in a punishment.

2) A person who is or has been interested in or connected with the subject matter of the consumer dispute or is related to or has been associated or connected in any manner, including in a professional capacity, with any of the parties to the consumer disputes or any of their associates, affiliates, promoters, holding companies, subsidiaries companies, partners, directors or employees, shall be disqualified for being nominated as a mediator in that case.

**6. Establishment of Mediation Cell, and Procedure for empanelment of Mediator. -**

(1) The Mediation Cell attached to State Commission shall be headed by the President of the State Consumer Commission.

(2) In the State Commission, Mediators shall be nominated by the President.

(3) The Mediation Cell attached to each District Commission shall be headed by the President of that District Consumer Commission.

(4) In the District Commission, Mediators shall be nominated by the President of the respective District Commission.

(5) Each Consumer Commission shall invite applications from eligible persons for empanelment as mediators, by publication of a notice in at least one English and one vernacular newspaper widely circulated in its jurisdiction.

(6) The applications received by the Mediation Cell of State /District Commission for empanelment as mediator shall be scrutinized and the list of eligible applications shall be placed before the selection committee constituted under sub-section (1) of section 75.

(7) The Selection Committee consisting of the President and a member of that Commission shall determine its procedure for making its recommendation and, after taking into account the suitability, integrity as well as relevant experience of the candidates, recommend a panel to be maintained by the Mediation Cell.

(8) The consent of the persons whose names are included in the panel shall be obtained before empaneling them.

(9) The panel of mediators prepared shall be valid for a period of five years.

**7. Fee of Mediator. -**

(1) A consolidated fee, in a successful mediation shall be paid to the mediator, who conducts the mediation proceedings, from the time of reference till their conclusion.

(2) The fee of the mediator empanelled with a State Consumer Commission and District Commission including costs of secretarial assistance and other ancillary expenses, shall be fixed by the President of the State Commission case wise, considering the nature of the dispute, in consultation with the State Government.

(3) In an unsuccessful mediation* half of the aforesaid fee shall be paid to the mediator.

(4) The fee of the mediator shall be shared equally by the two sets of parlies.

(5) The mediator who successfully conducts part of the proceedings shall be paid such fee as may be fixed by the President of the State Consumer Commission.

(6) The fee shall be deposited in advance, with the Mediation Cell.

(7) If a party does not deposit his share of the fee or the cost of mediation, the Consumer Commission may, on the application of the mediator or any .other party, direct the .party in default to deposit the same within a~ week, and if-

(a) he fails to deposit such fee or cost, the Consumer Commission may permit the other parties to deposit the same and recover the said amount, from the party in default, in the manner prescribed for the execution of a money decree by a Civil Court;

(b) no other party deposits the share of the party in default, the Consumer Commission may terminate the mediation proceedings.

**8. Removal of mediator.** — If a mediator is discovered to be disqualified of he in any manner misconducts himself as a mediator or he is otherwise found unsuitable to continue as a mediator, the Mediation Cell may remove his name from the panel of mediators after giving an opportunity of hearing to him.

**9. Re-empanelment of mediator.** — Only such mediators shall be eligible for re-empanelment who, in the opinion of the Mediation Cell, have successfully and efficiently discharged their functions as empanelled mediators and such re-empanelment is made on the basis of the recommendation of the Selection Committee.

**10. Training.** —The mediators shall be given appropriate training in conducting mediation by such experts as may be nominated by the Mediation Cell and it shall be obligatory for them to attend such training.

**11. Code of conduct. —**

(1) The empanelled mediators shall not communicate, directly or indirectly with any of the parties or their associates, affiliates, promoters, holding companies, subsidiaries companies, directors, partners or employees or with any of their counsel during pendency of the mediation proceedings, except during the course of the mediation, in the presence of the parties or their counsel.

(2) The empanelled mediator shall not accept any gift or hospitality from any of the parties or their associates, affiliates, promoters, holding companies, subsidiaries companies, directors, partners or employees or any of their counsel.

(3) In addition to the disclosure required under clauses (a) and (b) of section-77 each mediator shall disclose the following information before commencement of the mediation in a case assigned to him, namely :-

(a) whether he has or in the past had any personal, business or professional relationship or connection with any of the parties to the consumer dispute or other proceedings or any person associated or connected in any manner, to any. .of the parties or their- associates, affiliates, parent companies, subsidiaries companies, directors, partners or employees;

(b) whether there exists any circumstance which may give rise to reasonable doubt as to his independence and impartiality.

(4) Any person who is empaneled in any mediation cell in the State shall not practice in any State or District Commission as a lawyer or otherwise during his tenure as a mediator.

**12. Mediation proceedings. —**

(1) The mediation shall be conducted in the presence of the parties or their authorised representatives or counsel.

(2) The mediation shall stand terminated on expiry of three months from the date of first appearance before the mediator unless the time for completion of mediation is extended by the Consumer Commission, in which case it shall stand terminated on expiry of such extended time.

(3) The parties shall be entitled to appear before the mediator in person or through their respective counsel or authorised representatives.

(4) The mediator shall be guided by the principles of natural justice and fair play but shall not be bound by the provisions of the Code of Civil Procedure, 1908 (5 of 1908) or the Indian Evidence Act, 1872 (1 of 1872).

(5) If a party does not participate in the mediation proceedings, the Consumer Commission may direct such a party to participate in the proceedings.

(6) The parties shall provide all such information to the mediator as may be reasonably required by him for conducting the mediation proceedings,

(7) The record of the proceedings shall be prepared by the mediator on every date and shall be signed by the parties or their Counsel, authorised representatives or Attorneys.

(8) The agreement executed between the parties shall be submitted by the mediator, to the Consumer Commission, in a sealed cover, with a forwarding letter. The mediator shall prepare a settlement report of the settlement and forward the signed agreement along with such report to the concerned Commission.

(9) If no agreement is executed between the parties, within the time prescribed in these regulations, the mediator shall intimate so, to the Consumer Commission, without in any manner disclosing as to what transpired during the mediation proceedings, what was the stand taken by the parties or why the agreement could not be reached.

**13. Role of mediator. —**

(l) The mediator shall attempt to facilitate a voluntary resolution of the disputes between the parties, assist them in removing the misunderstandings, if any, and generating options to resolve their disputes, but shall not impose any term or any settlement upon the parties.

(2) The mediator shall explain the terms of the agreement, to the parties, before obtaining their respective signatures on it.

**14. Confidentiality. —**

(l) The parties and the mediator shall maintain confidentiality in respect of the events that transpire during the mediation proceedings and shall not use or rely upon any information, document etc. produced, the proposals and admissions made or the views expressed during the mediation proceedings.

(2) There shall be no audio or video recording of the mediation proceedings.

**15. Communications.** — The mediator shall not communicate with the Consumer Commission except by way of his report, with copies to all the parties.

**16. Immunity. —**

(l) No mediator shall be, liable for any civil or criminal proceedings, for any act done or omitted to be done bonafidely by him, in his capacity as a mediator.

(2) The mediator shall not be summoned by a party to appear in a Court or other forum, to testify in regard to any information received or the action taken by him during the mediation proceedings.

**17. Reports.—**

(l) Every Mediation Cell shall submit a quarterly report to the District Commission or the State Commission to which it is attached, containing the following information, namely: -

(a) a list of its empanelled mediators, including experience and qualifications of each of them;

(b) the number of cases pending before it at the beginning of the quarter;

(c) the number of cases referred to it during the quarter;

(d) the number of cases disposed of during the quarter;

(e) the number of cases pending at the end of the quarter;

(f) the number of cases assigned to each mediator, the number of cases disposed of by him during the quarter and the number of cases in which the mediation referred to him was successful;

(g) the number of cases in which the mediation was not successful;

(h) the fee paid to each mediator during the quarter.

(2) The report shall be submitted within one month of the end of each quarter.

**18. Matters not to be referred to mediation.** - The following matters shall not be referred to mediation, namely:

(a) the matters relating to proceedings in respect of medical negligence resulting in grievous injury or death;

(b) matters which relate to defaults or offences for which applications for compounding of offences have been made by one or more parties;

(c) cases involving serious and specific allegations of fraud, fabrication of documents, forgery, impersonation, coercion;

(d) cases relating to prosecution for criminal and non-compoundable offences;

(e) cases which involve public interest or the interest of numerous persons who are not parties before the commission:

Provided that, in any case other than those mentioned in this rule, the Commission before which the Case is pending may choose not to refer it to appears to the Commission that no elements of a settlement exist which may be acceptable to the parties or that mediation otherwise not appropriate having regard to the circumstances of the case and the respective positions of the parties.

**19. Refund of fee.** - Where the Commission refers the parties to mediation, the complainant shall be entitled to receive full amount of application fee paid in respect of such complaint, if a settlement is reached between such parties.

**20. Resort to arbitral or judicial proceedings.** - The parties shall not initiate any arbitral or judicial proceedings in respect of a matter which is the subject matter of the mediation and also when such parties have expressly undertaken not to initiate any such proceeding.

**21. Settlement agreement not to be discharged by death of party thereto. -**

(1) A settlement agreement shall not be discharged by the death of any party thereto and shall be enforceable by or against the legal representative of the deceased party.

(2) Nothing in this rule shall affect the operation of any law by virtue of which any right of action is extinguished by the death of a person.

By order and in the name of the Governor of Gujarat,

**PANKAJ PANCHAL,**
Deputy Secretary to Government.

---------------

Signature Not Verified
Signed by:Shri P. B. Kanwar
Date: 2022.04.16 11:39:31 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar

Extra No. 18

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXIV ] WEDNESDAY, FEBRUARY 1, 2023 / MAGHA 12, 1944**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૨૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૨૨**-ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૮/સીપીએ/૧૦૨૦૨૧/૧૪૬૧૪૮/ડી-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***under***

**The Consumer Protection Act, 2019**

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯**

**હેઠળ**

**જાહેરનામું**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૨૨

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯**

**ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૮/સીપીએ/૧૦૨૦૨૧/૧૪૬૧૪૮/ડી**:- ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ૩૫-મા)ની કલમ ૧૦૨-ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડો (ધ) અને (ન)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.**-

(૧) આ નિયમો ગુજરાત ગ્રાહક સુરક્ષા (મધ્યસ્થી) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા.**-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ‘‘અધિનિયમ’’ એટલે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ૩૫-મો);

(ખ) ‘‘આયોગ’’ એટલે જિલ્લા આયોગ અથવા યથાપ્રસંગ, રાજ્ય આયોગ;

(ગ) ‘‘મધ્યસ્થી એકમ’’ એટલે અધિનિયમની કલમ ૭૪ની પેટા-કલમ (૧) હેઠળ સ્થાપવામાં આવેલ ગ્રાહક મધ્યસ્થી એકમ;

(ઘ) ‘પ્રમુખ’ એટલે રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગ, જિલ્લા આયોગના પ્રમુખ;

(ચ) ‘પતાવટ’ એટલે ગ્રાહક આયોગ સમક્ષ અનિર્ણીત ગ્રાહક તકરારમાં સામેલ તમામ અથવા કેટલાક મુદ્દાઓની બાબતમાં મધ્યસ્થી કાર્યવાહી દરમિયાન થયેલ પતાવટ.

(૨) આ નિયમોમાં વપરાયેલા પણ અધિનિયમમાં વ્યાખ્યાયિત ન કરેલા અને વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

**૩. મધ્યસ્થી એકમ.**-

(૧) આયોગમાં સ્થાપાયેલ દરેક મધ્યસ્થી એકમમાં પસંદગી સમિતિની ભલામણ પર પ્રમુખ અને તે આયોગના સભ્યની બનેલી મધ્યસ્થીઓની પેનલ રહેશે.

(૨) મધ્યસ્થી એકમમાં રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને, તે આયોગના પ્રમુખ દ્વારા નક્કી કરવામાં આવે તેવો સહાયક કર્મચારીવર્ગ રહેશે અને રાજ્ય સરકારે, આયોગ દ્વારા જરૂરી હોય તેવી તમામ વહીવટી સહાય અને આધાર-માળખા સુવિધા પૂરી પાડવી જોઈશે.

**૪. મધ્યસ્થી તરીકે પસંદગી કરવા માટેની પાત્રતા.**- નીચેની વ્યક્તિઓ, મધ્યસ્થી એકમમાં પસંદગી કરવાને પાત્ર રહેશે-

(૧) નિવૃત્ત જિલ્લા અને સેશન જજ, નિવૃત્ત અધિક જિલ્લા અને સેશન જજ અથવા રાજયના ઉચ્ચ ન્યાયિક સેવાઓના અન્ય નિવૃત્ત સભ્યો;

(૨) ગ્રાહક આયોગના નિવૃત્ત સભ્યો;

(૩) દસ વર્ષ કરતાં ઓછો ન હોય તેવો અનુભવ ધરાવતા નિવૃત્ત ન્યાયિક અધિકારીઓ અથવા બાર ખાતે ઓછામાં ઓછો દસ વર્ષના અનુભવ સાથે વકીલ;

(૪) હાઈકોર્ટ અથવા જિલ્લા કોર્ટના મધ્યસ્થી એકમ સાથે પસંદગી પામેલ મધ્યસ્થીઓ;

(૫) મધ્યસ્થી અથવા સમાધાનને લગતી બાબતોમાં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવતો વ્યક્તિ;

(૬) વર્ગ-૧ના અધિકારી તરીકે ઓછામાં ઓછા પંદર વર્ષના અનુભવ સાથે, રાજ્ય સરકારના તજજ્ઞ અથવા અન્ય વ્યાવસાયિકો અથવા નિવૃત્ત અધિકારી.

**૫. પસંદગી માટેની ગેરલાયકાતો.-**

(૧) નીચેની વ્યક્તિઓ, મધ્યસ્થી તરીકે પસંદ થવા માટે લાયક રહેશે નહિ:-

(ક) નાદાર તરીકે જાહેર કરવામાં આવ્યો હોય તેવી વ્યક્તિ;

(ખ) (એવો) વ્યક્તિ જેની વિરુદ્ધમાં ફોજદારી કોર્ટ દ્વારા નૈતિક અધ:પતનને લગતા ફોજદારી આરોપો ઘડવામાં આવ્યા હોય અને તે અનિર્ણીત હોય;

(ગ) નૈતિક અધ:પતનને લગતા કોઇ ગુના માટે ફોજદારી કોર્ટ દ્વારા ગુનેગાર ઠરાવી હોય તેવી વ્યક્તિ;

(ઘ) સમુચિત શિસ્ત સત્તાધિકારી દ્વારા જેની સામે શિસ્તવિષયક કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવી વ્યક્તિ અને તે અનિર્ણીત હોય અથવા સજામાં પરિણમી હોય.

(૨) ગ્રાહક તકરારના કોઈપણ પક્ષકારો અથવા તેમના કોઈપણ સહયોગી (એસોસિએટસ), સહભાગી, પ્રયોજકો (પ્રમોટર્સ), નિયંત્રક (હોલ્ડિંગ) કંપની, આનુષંગિક કંપની, ભાગીદારો, નિયામકો (ડિરેકટર) અથવા કામદારો સાથે ગ્રાહક તકરારની વિષયવસ્તુમાં હિતસંબંધ ધરાવે છે અથવા ધરાવતો હોય અથવા તેની સાથે સંકળાયેલો છે અથવા સંકળાયેલો હોય અથવા તેને સંબંધિત છે અથવા તેને સંબંધિત હોય અથવા તેની સાથે સંલગ્ન છે અથવા સંલગ્ન હોય અથવા વ્યાવસાયિક ક્ષમતા સહિતની કોઈ રીતે જોડાયેલો છે અથવા જોડાયેલો હોય તેવો વ્યક્તિ, તે કિસ્સામાં મધ્યસ્થી તરીકે નામનિયુક્ત થવા માટે ગેરલાયક ઠરશે.

**૬. મધ્યસ્થી એકમની સ્થાપના અને મધ્યસ્થીની પસંદગી માટેની કાર્યરીતિ.-**

(૧) રાજ્ય ગ્રાહક આયોગના પ્રમુખ દ્વારા રાજ્ય આયોગ સાથે સંલગ્ન મધ્યસ્થી એકમનું નેતૃત્વ કરવામાં આવશે.

(૨) રાજ્ય આયોગમાં, મધ્યસ્થીઓને પ્રમુખ દ્વારા નામનિયુક્ત કરવા જોઇશે.

(૩) દરેક જિલ્લા આયોગ સાથે સંલગ્ન મધ્યસ્થી એકમનું નેતૃત્વ તે જિલ્લા ગ્રાહક આયોગના પ્રમુખ દ્વારા કરવામાં આવશે.

(૪) જિલ્લા આયોગમાં, સંબંધિત જિલ્લા આયોગના પ્રમુખ દ્વારા મધ્યસ્થીઓને નામનિયુક્ત કરવામાં આવશે.

(૫) દરેક ગ્રાહક આયોગે, મધ્યસ્થીઓ તરીકે પસંદગી માટે પાત્ર વ્યક્તિઓ પાસેથી, તેના ક્ષેત્રાધિકારમાં બહોળો પ્રસાર ધરાવતાં ઓછામાં ઓછા એક અંગ્રેજી અને એક સ્થાનિક ભાષાના સમાચારપત્રમાં નોટિસ પ્રસિદ્ધ કરીને અરજીઓ મંગાવવી જોઇશે.

(૬) રાજ્ય / જિલ્લાના મધ્યસ્થી એકમે, મધ્યસ્થી તરીકે પસંદગી માટે પ્રાપ્ત કરવામાં આવેલ અરજીઓની ચકાસણી કરવી જોઇશે અને પાત્ર અરજીઓની યાદી, કલમ ૭૫-ની પેટા-કલમ (૧) હેઠળ રચવામાં આવેલી પસંદગી સમિતિ સમક્ષ મૂકવી જોઇશે.

(૭) તે આયોગના પ્રમુખ અને સભ્યની બનેલી પસંદગી સમિતિએ, પોતાની ભલામણ કરવા માટેની તેની કાર્યરીતિ નક્કી કરવી જોઇશે અને ઉમેદવારોની યોગ્યતા, સત્યનિષ્ઠા તેમજ અનુરૂપ અનુભવ ધ્યાનમાં લીધા પછી, મધ્યસ્થી એકમે નિભાવવાની હોય તેવી પેનલની ભલામણ કરવી જોઇશે.

(૮) જે વ્યક્તિઓના નામ પેનલમાં સામેલ હોય, તેમની સંમતિ, તેમની પસંદગી કરતાં પહેલાં પ્રાપ્ત કરવી જોઇશે.

(૯) મધ્યસ્થીઓની તૈયાર કરવામાં આવેલી પેનલ, પાંચ વર્ષ માટે માન્ય ગણાશે.

**૭. મધ્યસ્થીની ફી.-**

(૧) સફળ મધ્યસ્થીમાં એકત્રિત ફી, સંદર્ભના સમયથી તેના નિષ્કર્ષ સુધી મધ્યસ્થી કાર્યવાહી યોજનાર મધ્યસ્થીને ચૂકવવી જોઇશે.

(૨) રાજ્ય આયોગના પ્રમુખે, કેસ મુજબ વિવાદનો પ્રકાર ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર સાથે વિચારવિનિમય કરીને, દફતરી સહાયના ખર્ચ અને અન્ય આનુષંગિક ખર્ચ સહિત રાજ્ય ગ્રાહક આયોગ અને જિલ્લા આયોગ સાથે પસંદગી પામેલ મધ્યસ્થીની ફી, નક્કી કરવી જોઇશે.

(૩) અસફળ મધ્યસ્થીમાં, મધ્યસ્થીને ઉપર્યુક્ત ફીનો અડધો ભાગ ચૂકવવો જોઇશે.

(૪) મધ્યસ્થીની ફી, બંન્ને પક્ષકારોના જૂથ દ્વારા સમાન રીતે વહેંચવી જોઇશે.

(૫) કાર્યવાહીના ભાગને સફળતાપૂર્વક યોજનાર મધ્યસ્થીને, રાજ્ય ગ્રાહક આયોગના પ્રમુખ દ્વારા નક્કી કરવામાં આવે તેવી ફી ચૂકવવી જોઇશે.

(૬) ફી મધ્યસ્થી એકમમાં અગાઉથી જમા કરાવવી જોઇશે.

(૭) કોઇ પક્ષકાર તેની ફીનો હિસ્સો અથવા મધ્યસ્થીનો ખર્ચ જમા ન કરાવે, તો ગ્રાહક આયોગ, મધ્યસ્થી અથવા અન્ય કોઇ પક્ષકારની અરજી પર, કસૂર કરનાર પક્ષકારને એક અઠવાડિયાની અંદર તે જમા કરાવવાનો આદેશ આપી શકશે, અને જો-

(ક) તે આવી ફી અથવા ખર્ચ જમા કરવામાં નિષ્ફળ રહે, તો ગ્રાહક આયોગ, અન્ય પક્ષકારોને તે જમા કરવાની અને દીવાની કોર્ટ દ્વારા કરવામાં આવેલા નાણાને લગતા હુકમનામાના અમલ માટે ઠરાવેલી રીતે, કસૂર કરનાર પક્ષકાર પાસેથી સદરહુ રકમ વસૂલ કરવાની પરવાનગી આપી શકશે;

(ખ) અન્ય કોઇપણ પક્ષકાર, કસૂર કરનાર પક્ષકારનો હિસ્સો જમા ન કરે, તો ગ્રાહક આયોગ, મધ્યસ્થી કાર્યવાહીનો અંત લાવી શકશે.

૮. **મધ્યસ્થીને દૂર કરવા બાબત.**- મધ્યસ્થી ગેરલાયક હોવાનું જણાય અથવા તે પોતે મધ્યસ્થી તરીકે કોઇ રીતે ગેરવર્તણૂક કરે અથવા તે અન્યથા મધ્યસ્થી તરીકે ચાલુ રહેવા માટે, અયોગ્ય હોવાનું જણાય, તો મધ્યસ્થી એકમ, તેને સુનવણીની તક આપ્યા બાદ, તેનું નામ મધ્યસ્થીઓની પેનલમાંથી દૂર કરી શકશે.

૯. **મધ્યસ્થીની ફેર પસંદગી કરવા બાબત.**- મધ્યસ્થી એકમના અભિપ્રાયમાં, જેમણે પોતાના પસંદગી પામેલા મધ્યસ્થીઓ તરીકેના કાર્યો સફળતાપૂર્વક અને કાર્યક્ષમ રીતે કર્યા હોય અને જેમની પસંદગી સમિતિની ભલામણના આધારે આવી ફેરપસંદગી કરવામાં આવી હોય માત્ર તેવા મધ્યસ્થીઓ જ ફેરપસંદગી માટે પાત્ર ગણાશે.

૧૦. **તાલીમ.**- મધ્યસ્થીઓને, મધ્યસ્થી એકમ દ્વારા નામનિયુક્ત કરવામાં આવે તેવા નિષ્ણાત દ્વારા મધ્યસ્થી(ની કાર્યવાહી) યોજવામાં યોગ્ય તાલીમ આપવામાં આવશે અને આવી તાલીમમાં ભાગ લેવો તેમના માટે ફરજિયાત રહેશે.

૧૧. **આચારસંહિતા.**-

(૧) પસંદગી પામેલ મધ્યસ્થીએ, મધ્યસ્થીની પ્રક્રિયા દરમિયાન હોય તે સિવાય, પક્ષકારો અથવા તેમના સલાહકારની હાજરીમાં, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, કોઇપણ પક્ષકારો અથવા તેના સહયોગી, સહભાગી, પ્રયોજકો, નિયંત્રક (હોલ્ડિંગ) કંપની, આનુષંગિક કંપની, નિયામકો (ડિરેક્ટર), ભાગીદારો અથવા કર્મચારીઓ અથવા તેમના કોઇપણ સલાહકાર સાથે મધ્યસ્થી કાર્યવાહી અનિર્ણિત હોય તે દરમિયાન, સંપર્ક કરવો જોઇશે નહિ.

(૨) પસંદગી પામેલ મધ્યસ્થીએ, કોઇપણ પક્ષકાર અથવા તેના સહયોગી, સહભાગી, પ્રયોજકો, નિયંત્રક (હોલ્ડિંગ) કંપની, આનુષંગિક કંપની, નિયામકો, ભાગીદારો અથવા કર્મચારીઓ અથવા તેમના કોઇપણ સલાહકાર તરફથી કોઇ બક્ષિસ અથવા આતિથ્ય સ્વીકારવું જોઇશે નહિ.

(૩) કલમ ૭૭ ના ખંડો (ક) અને (ખ) હેઠળની આવશ્યક સ્પષ્ટતા ઉપરાંત, દરેક મધ્યસ્થીએ તેમને સોંપવામાં આવેલા કેસમાં મધ્યસ્થીની શરૂઆત કરતા પહેલા નીચેની માહિતી જાહેર કરવી જોઇશે:-

(ક) તે ગ્રાહક તકરાર અથવા અન્ય કાર્યવાહીના કોઇ પક્ષકારો અથવા કોઇ રીતે તેની સાથે જોડાયેલી અથવા સંકળાયેલી (સંલગ્ન) કોઇ વ્યક્તિ સાથે, પક્ષકારો પૈકીના કોઇ પક્ષકાર અથવા તેમના સહભાગી, સહયોગી, મૂળ કંપની, આનુષંગિક કંપની, નિયામકો (ડિરેક્ટર), ભાગીદારો અથવા કામદારો સાથે કોઇ અંગત, ધંધાકીય અથવા વ્યાવસાયિક સંબંધ અથવા જોડાણ ધરાવે છે અથવા ભૂતકાળમાં ધરાવતા હતા કે કેમ;

(ખ) તેની સ્વતંત્રતા અને નિષ્પક્ષતાને લગતી વાજબી શંકા ઊભી થઇ શકે તેવા કોઇ સંજોગ પ્રવર્તે છે કે કેમ.

(૪) રાજ્યમાં કોઇ મધ્યસ્થી એકમમાં પસંદગી પામેલી હોય તેવી કોઇ વ્યક્તિએ, વકીલ અથવા અન્યથા તેની મુદત દરમિયાન મધ્યસ્થી તરીકે કોઇ રાજ્ય અથવા જિલ્લા આયોગમાં કામકાજ કરવું જોઇશે નહિ.

૧૨. **મધ્યસ્થીની કાર્યવાહી.**-

(૧) મધ્યસ્થીની કાર્યવાહી, પક્ષકારો અથવા તેમના અધિકૃત કરેલા પ્રતિનિધિઓ અથવા સલાહકારની હાજરીમાં યોજવી જોઇશે.

(૨) મધ્યસ્થીની કાર્યવાહી, મધ્યસ્થ સમક્ષની પ્રથમ હાજરી (ઉપસ્થિતિ)ની તારીખથી ત્રણ મહિનાની મુદત પૂરી થયે, સમાપ્ત થયેલી ગણાશે સિવાય કે ગ્રાહક આયોગ દ્વારા મધ્યસ્થીની કાર્યવાહી પૂર્ણ કરવા માટેની મુદત(સમય) લંબાવવામાં આવી હોય, જે કિસ્સામાં (સમય લંબાવવાના કિસ્સામાં) તે કાર્યવાહી આવી લંબાવેલી મુદત પૂરી થયે સમાપ્ત થયેલી ગણાશે.

(૩) પક્ષકારો, મધ્યસ્થ સમક્ષ વ્યક્તિગત રીતે અથવા તેમના સંબંધિત સલાહકાર અથવા અધિકૃત કરેલા પ્રતિનિધિઓ મારફત ઉપસ્થિત રહેવા હકદાર રહેશે.

(૪) મધ્યસ્થ વ્યક્તિ, કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને નિષ્પક્ષ વ્યવહારથી પ્રેરિત હોવો જોઇશે, પણ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ (સન ૧૯૦૮ના ૫-મા) અથવા ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ (સન ૧૮૭૨-ના ૧લા) ની જોગવાઇઓથી બંધનકર્તા રહેશે.

(૫) કોઇ પક્ષકાર, મધ્યસ્થીની કાર્યવાહીમાં ભાગ લેતો નથી, તો ગ્રાહક આયોગ, આવા પક્ષકારને કાર્યવાહીમાં ભાગ લેવા માટે આદેશ કરી શકશે.

(૬) પક્ષકારોએ, મધ્યસ્થ વ્યક્તિને મધ્યસ્થીની કાર્યવાહી કરવા માટે વાજબી રીતે આવશ્યક હોય તેવી તમામ માહિતી પૂરી પાડવી જોઇશે.

(૭) કાર્યવાહીનો રેકર્ડ, મધ્યસ્થ વ્યક્તિએ દરેક તારીખે તૈયાર કરવો જોઇશે અને તેના પર પક્ષકારો અથવા તેના સલાહકાર, અધિકૃત કરેલા પ્રતિનિધિઓ અથવા મુખત્યાર-વ્યક્તિની સહી લેવી જોઇશે.

(૮) પક્ષકારો વચ્ચે કરેલો કરાર મધ્યસ્થ વ્યક્તિએ, ગ્રાહક આયોગને, સીલ કરેલા કવરમાં, રવાના પત્ર સાથે સાદર કરવો જોઇશે.

(૯) પક્ષકારો વચ્ચે કોઇપણ કરાર કરવામાં આવ્યો ન હોય, તો આ વિનિયમોમાં ઠરાવ્યા પ્રમાણેના સમયની અંદર મધ્યસ્થ વ્યક્તિએ, કોઇ બીજી રીતે જાહેર કર્યા વગર મધ્યસ્થીની કાર્યવાહી દરમિયાન શું જાણવા મળ્યું, પક્ષકારો દ્વારા શેની તરફેણ કરવામાં આવી હતી અથવા કરાર શા માટે પહોંચાડી શકાયો ન હોતો તેની જાણ ગ્રાહકે આયોગને કરવી જોઇશે.

**૧૩. મધ્યસ્થ વ્યક્તિની ભૂમિકા.-**

(૧) મધ્યસ્થ વ્યક્તિએ, પક્ષકારો વચ્ચે તકરારોના સ્વૈચ્છિક નિરાકરણને સુગમ બનાવવા માટે પ્રયત્ન કરવો જોઇશે, ગેરસમજ, કોઇ હોય તો, તેને દૂર કરવા તેમને સહાય કરવી જોઇશે અને તેમની તકરારોનો ઉકેલ લાવવાના વિકલ્પો રજૂ કરવા જોઇશે પણ પક્ષકારો પર કોઇ બોલી અથવા પતાવટ લાદવી જોઇશે નહિ.

(૨) મધ્યસ્થ વ્યક્તિએ, પક્ષકારોને કરારની બોલીઓ, તેના પર તેમની સંબંધિત સહી મેળવતા પહેલા સ્પષ્ટ કરવી જોઇશે.

**૧૪. ગોપનીયતા બાબત.-**

(૧) પક્ષકારો અને મધ્યસ્થ વ્યક્તિએ, મધ્યસ્થીની કાર્યવાહી દરમિયાન જાણવા મળેલી ઘટનાઓના સંબંધમાં ગોપનીયતા જાળવવી જોઇશે અને મધ્યસ્થીની કાર્યવાહી દરમિયાન રજૂ કરવામાં આવેલી કોઇ માહિતી, દસ્તાવેજ વગેરે, કરવામાં આવેલી દરખાસ્તો અને કબૂલાતો અથવા મધ્યસ્થીની કાર્યવાહી દરમિયાન વ્યક્ત કરેલા અભિપ્રાય-નો ઉપયોગ કરવો જોઇશે નહિ અથવા તેના પર આધાર રાખવો જોઇશે નહિ.

(૨) મધ્યસ્થીની કાર્યવાહીનું કોઇપણ ઓડિયો અથવા વિડિયો રેકોર્ડિંગ રહેશે નહિ.

**૧૫. પરસ્પર સંપર્ક બાબત.-** મધ્યસ્થ વ્યક્તિએ, તમામ પક્ષકારોને નકલો સાથે, તેના રિપોર્ટ(અહેવાલ)ના માધ્યમ સિવાય, ગ્રાહક આયોગ સાથે કોઇ સંપર્ક કરવો જોઇશે નહિ.

**૧૬. મુક્તિ.-**

(૧) કોઇપણ મધ્યસ્થ વ્યક્તિ, તેની મધ્યસ્થ (વ્યક્તિ) તરીકેની ક્ષમતામાં, કોઇ દીવાની અથવા ફોજદારી કાર્યવાહી માટે, તેના દ્વારા શુદ્ધબુદ્ધિપૂર્વક કરવામાં આવ્યું હોય અથવા કરવાનું રહેવા દેવામાં આવ્યું હોય તેવા કોઇ કૃત્ય માટે જવાબદાર ગણાશે નહિ.

(૨) મધ્યસ્થ વ્યક્તિને, પક્ષકાર દ્વારા કોર્ટ અથવા બીજા કોઇ ફોરમમાં હાજર થવા, મેળવેલી કોઇ માહિતીના સંબંધમાં ખાતરી કરવા અથવા તેના દ્વારા મધ્યસ્થીની કાર્યવાહી દરમિયાન લેવામાં આવેલા પગલાના સંબંધમાં ખાતરી કરવા ફરમાવવામાં આવશે નહિ.

**૧૭. રિપોર્ટ (અહેવાલ) .-**

(૧) દરેક મધ્યસ્થ એકમ (સેલ) -એ નીચેની માહિતી ધરાવતો ત્રિમાસિક રિપોર્ટ (અહેવાલ), તે જેની સાથે જોડાયેલા હોય તે જિલ્લા આયોગ અથવા રાજ્ય આયોગ-ને રજૂ કરવો જોઇશે:-

(ક) પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તેના દરેક મધ્યસ્થ વ્યક્તિઓની, તેમના અનુભવ અને લાયકાત સહિતની યાદી;

(ખ) ત્રિમાસના પ્રારંભે તેની સમક્ષ અનિર્ણિત હોય તેવા કેસોની સંખ્યા;

(ગ) ત્રિમાસ દરમિયાન પુછાણ માટે મોકલવામાં આવેલા કેસોની સંખ્યા;

(ઘ) ત્રિમાસ દરમિયાન નિકાલ કરવામાં આવેલા કેસોની સંખ્યા;

(ચ) ત્રિમાસના અંતે અનિર્ણિત હોય તેવા કેસોની સંખ્યા;

(છ) દરેક મધ્યસ્થ વ્યક્તિને સોંપવામાં આવેલા કેસોની સંખ્યા, ત્રિમાસ દરમિયાન તેના દ્વારા નિકાલ કરવામાં આવ્યો હોય તેવા કેસોની સંખ્યા અને જેમાં મધ્યસ્થીની કાર્યવાહી માટે તેને પુછાણ માટે મોકલવામાં આવેલા સફળ થયા હોય તેવા કેસોની સંખ્યા;

(જ) જેમાં મધ્યસ્થીની કાર્યવાહી સફળ ન થઇ હોય તેવા કેસોની સંખ્યા;

(ઝ) ત્રિમાસ દરમિયાન દરેક મધ્યસ્થને ચૂકવવામાં આવેલી ફી.

(૨) રિપોર્ટ (અહેવાલ), દરેક ત્રિમાસ પૂર્ણ થાય તેના એક મહિનાની અંદર રજૂ કરવો જોઇશે.

**૧૮. મધ્યસ્થી(ની કાર્યવાહી) માટે પુછાણ અંગે મૂકવાની ન હોય તેવી બાબતો.**- નીચેની બાબતો મધ્યસ્થ(ની કાર્યવાહી) માટે પુછાણ માટે મોકલવાની રહેશે:

(ક) ભારે ઈજા અથવા મૃત્યુમાં પરિણમે તેવી તબીબી બેદરકારીના સંબંધમાં કરવામાં આવતી કાર્યવાહી સંબંધિત બાબતો;

(ખ) એક અથવા વધારે પક્ષકારો દ્વારા ગુનાની માંડવાળ માટે અરજી કરવામાં આવી હોય તેવા કસૂર અથવા ગુનાને સંબંધિત બાબતો;

(ગ) દગો, બનાવટી દસ્તાવેજો ઊભા કરવા, બનાવટ, બીજાનું નામ ધારણ કરી ગુનો કરવો, જબરદસ્તી કરવી જેવા ગંભીર અને ચોક્કસ આરોપોનો સમાવેશ થતો હોય તેવા કેસ;

(ઘ) ફોજદારી અને બિન-માંડવાળપાત્ર ગુના માટેની કોર્ટ કાર્યવાહી સંબંધિત કેસ;

(ચ) જાહેર હિત અથવા આયોગ સમક્ષ પક્ષકારો ન હોય તેવી અનેક વ્યક્તિઓનું હિત સમાવિષ્ટ હોય તેવા કેસ:

પરંતુ આ નિયમમાં જણાવ્યા હોય તે સિવાયના કોઇ કિસ્સામાં, કેસ જેની સમક્ષ અનિર્ણિત હોય તે આયોગ, પક્ષકારોને માન્ય રહે તેવા પતાવટના કોઇ પણ પરિબળો અસ્તિત્વમાં ન હોવાનું અથવા મધ્યસ્થીની કાર્યવાહી અન્યથા ઉચિત ન હોવાનું જણાય, તો કેસના સંજોગો અને પક્ષકારોની સંબંધિત સ્થિતિને લક્ષમાં લઈને, તે (કેસ) પુછાણ અર્થે આયોગને ન મોકલવાનું પસંદ કરી શકશે.

**૧૯. ફી રિફંડ આપવા બાબત.**- આયોગ, પક્ષકારોને મધ્યસ્થી(ની કાર્યવાહી) માટે પુછાણ અર્થે મોકલે, ત્યારે ફરિયાદી, આવા પક્ષકારો વચ્ચે પતાવટ થઇ હોય, તો આવી ફરિયાદના સંબંધમાં ચૂકવેલી અરજી ફીની પૂરેપૂરી રકમ મેળવવા હકદાર થશે.

**૨૦. લવાદી અથવા અદાલતી કાર્યવાહીનો આશ્રય લેવા બાબત.**- પક્ષકારોએ, મધ્યસ્થી(ની કાર્યવાહી)નું વિષયવસ્તુ હોય અને આવી કોઈપણ કાર્યવાહી શરૂ ન કરવાની સ્પષ્ટપણે બાંયધરી આપી હોય, ત્યારે પણ તેવી બાબતોના સંબંધમાં કોઇ લવાદી અથવા અદાલતી કાર્યવાહી શરૂ કરવી જોઈશે નહિ.

**૨૧. પક્ષકારનું મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં પતાવટ કરાર રજૂ ન કરવા બાબત.**-

(૧) કોઈપણ પક્ષકારના મૃત્યુના કિસ્સામાં, પતાવટ કરાર રજૂ કરવાનો રહેશે નહિ અને તેનો (પતાવટ કરારનો) મૃત્યુ પામેલા પક્ષકારના કાયદેસરના પ્રતિનિધિ દ્વારા અથવા તેના વિરુદ્ધમાં અમલ કરવાયોગ્ય રહેશે.

(૨) કાર્યવાહીનો કોઇ હક જે વ્યક્તિનું મૃત્યુ થવાથી જતો રહ્યો હોય તેના કારણે આ નિયમમાંનો કોઈપણ મજકૂર, કોઇ કાયદાની કામગીરીને અસરકર્તા થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પંકજ પંચાલ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2023.02.08 14:05:31 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar